# મોનસૂનમાં વિલંબ થયો છે પરંતુ પરિસ્થિતી વણસી નથી : પવાર

નવી દિલ્હી,તા.૩

ઉત્તર ભારતના ઘણાં વિસ્તારોમાં દુષ્કાળનું સંકટ તોળાઇ રહ્યું છે. ઉત્તર ભારતના પાકવાળા વિસ્તારોમાં જો જુલાઇના પ્રથમ સપ્તાહ સુધી સારો વરસાદ નહીં થાય તો દુષ્કાળના વાદળો ઘેરાવાની શરૂઆત થશે. જો કે કેન્દ્રિય કૃષિ પ્રધાન શરદ પવારે દાવો કર્યો છે કે મોનસુનમાં વિલંબ થયો છે પરંતુ દુષ્કાળની સ્થિતી નથી. ચોક્કસ રાજ્યોમાં વાવણીને અસર થઇ છે. જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. મોનસુનમાં વિલંબ થતા માત્ર ખેડૂત સમુદાય જ ચિંતિત નથી બલ્કે દેશના તમામ લોકો અને કેન્દ્ર સરકાર પણ ચિંતિત બનેલી છે. મોનસુનમાં વિલંબ થતાં આજે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હતી. દેશમાં નબળા પડી રહેલા મોનસુનની સ્થિની લઇને આ મિટિંગ બોલાવવામાં આવી હતી. જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. કેન્દ્રિય કૃષિ પ્રધાન શરદ પવારે



આ મિટિંગ બોલાવી હતી. મિટિંગ બાદ શરદ પવારે કબુલાત કરી હતી કે મોનસુનમાં વિલંબ છે પરંતુ હાલમાં દુશ્કાળની સ્થિતી નથી. પરિસ્થીતી એકદમ ગંભીર નથી. અનાજનો પુરતો જથ્થો પહેલાથી જ ઉપલબ્ધ છે. પવારે આશા વ્યક્ત કરી હતી કે આગામી સપ્તાહથી દેશમાં સારો વરસાદ થશે. તેમના જણાવ્યા મુજબ બીજી જુલાઇથી ૩૧ ટકા ઓછો વરસાદ થયો છે. મોનસુનમાં વિલંબ થયા બાદ હાલ દુષ્કાળની વાત કરવી યોગ્ય નથી. પવારના જણાવ્યા મુજબ મોનસુનમાં વિલંબ થતાં ખેડુતોને અસર થઇ છે. મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટકમાં અસર જોવા મળી રહી છે. મોનસુનમાં વિલંબ છે પરંતુ સ્થિતી બેકાબુ બની નથી. પવારે દાવો કર્યો છે કે અનાજને હાલ કોઇ અસર થઇ નથી. પવાર માને છે કે પાકના ઉત્પાદન માટે હજુ થોડોક સમય છે. પરીસ્થિતીને પહોંચી વળવા તમામ પગલા લેવાઇ રહ્યા છે. પવારે દાવો કર્યો હતો કે દેશમાં કપાસનું ઉત્પાદન અગાઉના વર્ષ કરતા વધારે થયું છે. દેશના સરોવરોમાં હજુ પણ ૬૨ ટકા પાણી છે. પરંતુ ઓછા વરસાદના કારણે કઠોળ અને ચોખાના પાકને અસર થઇ શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે જુન મહિનામાં વરસાદમાં અછતનો આંકડો વધીને ૩૧ ટકા થઇ ગયો છે. જુલાઇના પ્રથમ સપ્તાહ સુધી ઉત્તર ભારતના પાકવાળા વિસ્તારમાં સારો વરસાદ નહીં થાય તો દુષ્કાળના વાદળો ઘેરાઇ શકે છે. પવાર માને છે કે વરસાદ સારો પડવાનું ચિત્ર દેખાઇ રહ્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે જુલાઇ અને ઓગસ્ટ મહિનામાં સારો વરસાદ થશે. જુનના મહિનામાં મોનસુના વિલંબના અંતરને પણ કવર કરી લેવામાં આવશે. કેટલાક રાજ્યોમાં વહેલી તકે વાવણીને અસર થઇ છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશના ભાગ અને બિહાને અસર થઇ છે. પવારે કહ્યું છે કે દેશમાં અનાજનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. સરકાર જો રાજ્યો દ્વારા માંગ કરવામાં આવશે તો પુરવઠો ઉપલબ્દ કરાવશે. સરકાર ઓપન માર્કેટમાં પ્રવેશ કરવા યોગ્ય સમય નિર્ણય લેશે.

## મુંબઇમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું

મુંબઈ,તા.૩

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઇમાં ભારે વરસાદના કારણે તંત્રમાં મોટા દાવાઓ ખોટા સાબિત થયા છે. મુંબઇમાં હજું પાંચ દિવસ સુધી હાઇ ટાઇડની ચેતવણી જારી કરવામાં આવી છે. પવઇમાં વરસાદને કારણે બે બાળકોના મોત થાય છે. મુંબઇમાં પ્રથમ વરસાદના કારણે જ લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. મુંબઇમાં હવામાન ખાતાએ જણાવ્યું છે કે આગામી ૨૪ કલાકમાં અતીભારે વરસાદ થઇ શકે છે. વરસાદના કારણે વિજળી વ્યવસ્થા ઠપ થઇ ગઇ છે. મોનસુન દરમિયાન ૨૪ કલાક વિજળી આપવાની વિજળી અંગેની રાજ્ય સલાહકાર સમિતીએ વચન આપ્યાના ચાર



જેથી હજારો લોકોને ભારે મુશ્કેલી મળી છે. વરસાદને કારણે ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાહી થઇ ગયા છે. પાણી પણ ભરાઇ ગયા છે. બેસ્ટ અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સુત્રોના જણાવ્યા મુજબ ધારાવી, માહીમ, દાદર, પારેલ, વડાલામાં પાણી ભરાઇ ગયા છે. આ ઉપરાંત બાંદ્રા, ખાર, સાન્તાક્રુઝમાં પણ વિજળીની સમસ્યા સર્જાઇ છે. ઘણી જગ્યાએ અડધો કલાક વીજકાપની સ્થિતી રહી હતી. સુત્રોના જણાવ્યા મુજબ બાંદ્રા, ખાર, સાન્તાક્રુઝ, વિખરોલીમાં અડધો કલાક સુધી લોકોને અધારપટ હેઠળ રહેવાની ફરજ પડી હતી. મુંબઇમાં હજુ

દિવસ બાદ શહેરમાં ચાર મુખ્ય સપ્લાય લાઇનો ઠપ થઇ ગઇ છે. મુંબઇ શહેરમાં ઘણી જગ્યાએ અંધારપટની સ્થિતી સર્જાઇ છે. સેન્ટ્રલ રેલ્વેની મુખ્ય અને હાર્બર લાઇન ખાતે ઓપરેશનને અસર થઇ છે. વધારે ભારે વરસાદ પડવાની આગહી હોવીથી તંત્ર સામે નવા પડકાર ઉભા થયા છે. ભારે વરસાદના કારણે મુંબઇમાં પાવર લાઇનો ઠપ થઇ ગઇ છે. ભારે અંધાધૂંધીની સ્થિથી સર્જાઇ છે.



યુ.પી.એ.ના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પ્રણવ મુખર્જી, સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસીંગ યાદવ તેમજ અન્ય રાજકીય પક્ષોના આગેવાનો સાથે લખનૌમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

## વાર્ષિક ૧૦ લાખથી વધુની આવક ધરાવતા લોકોને ઇ ફાઇલિંગ ફરજિયાત

નવી દિલ્હી, તા.૩

વાર્ષિક ૧૦ લાખથી વધુની આવક ધરાવતા લોકોને વર્ષ ૨૦૧૧-૧૨ માટે પોતાના કરવેરા રિટર્ન ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં દાખલ કરવાની બાબત ફરજિયાત રહેશે. ઇ ફાઇલિંગ ફરજિયાત બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રીય પ્રત્યેક્ષ કરવેરા બોર્ડ (સીબીડીટી) દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામાં જણાવવામાં આવ્યું છે કે આકારણીય વર્ષ ૨૦૧૨-૧૩થી આગળના વર્ષ માટે એક વ્યક્તિ અથવા તો એક હિન્દુ સંયુક્ત પરિવાર માટે ઇ ફાઇલિંગ ફરજિયાત રહેશે. શરત એટલી છે કે આ વ્યક્તિ અથવા પરિવારની કુલ આવક ૧૦ લાખથી વધારે હોવી જોઇએ. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમા જણાવવામાં આવ્યું છે કે કરદાતાઓ માટે ડિજિટલ હસ્તાક્ષરની વ્યવસ્થા ફરજિયાર રહેશે. આ પ્રકારના કરદાતાઓ માટે વર્ષ ૨૦૧૦-૧૧ સુધી ઇફાઇલિંગ વૈકલ્પિકની જોગવાઇ હતી. આવકવેરા વિભાગે વર્ષ ૨૦૧૧-૧૨માં રેકોર્ડ ૧.૬૪ કરોડની ઇ રિટર્ન મેળવ્યા હતા. હજુ સુધી ૬૦ લાખ રૂપિયોનો કારોબાર ધરાવતા ઔદ્યોગિક પરિવારો અને ૧૫ લાખની આવક ધરાવતા પ્રોફેશનલ લોકો માટે ડિજિટલ હસ્તાક્ષરની સાથે રિટર્ન ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં દાખલ કરવાની બાબત ફરજિયાત હતી. મંત્રાલયે કહ્યું છે કે ઇ ફાઇલિંગ આવકવેરા રિટર્ન ભરવાની એક સરળ પ્રક્રિયા છે સાથે સાથે સુરક્ષિત પ્રક્રિયા પણ છે. ઇલેક્ટ્રોનિક સ્વરૂપથી દાખલ કરવામાં આવેલા રિટર્નની પ્રક્રિયા ઝડપથી થાય છે. કરદાતાઓને તેમના રિફંડ પણ જલદી મળે છે.

## અજમેરમાં ૧૪ હેન્ડગ્રેનેડ મળ્યા : વધુ ચકાસણી શરૂ

જયપુર, તા.૩

અજમેરની પોલીસે ૧૪ હેન્ડગ્રેનેડ શોધી કાઢવામાં શોધી કાઢવામાં સફળતા મેળવી છે અજમેર શહેરમાં સાફસફાઇના અભિયાન દરમ્યાન આ હેન્ડગ્રેનેડ કબજે કરવામાં આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. ૧૪ જીવતા હેન્ડગ્રેનેડ મળી આવ્યા બાદ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તમામ હેન્ડગ્રેનેડો એક પેકેટમાં છુપાવવામાં આવ્યા હતા. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ જ્યારે વર્કરો ક્રિશ્ચીયન ગંજ પોલીસ સ્ટેશનમાં એક નહેરને સાફ કરી રહ્યા હતા ત્યારે પેકેટમાં આ હેન્ડગ્રેનેડ મળી આવ્યા હતા. તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને માહિતી આપવામાં આવ્યા બાદ પોલીસ ટુકડી તરત જ ઘટના સ્થળે પહોચી ગઇ હતી અને આગળની પ્રક્રિયા હાથ ધરી હતી. સેનાના સત્તાવાળાઓને હેન્ડગ્રેનેડ નિષ્ક્રીય બનાવવા અપીલ કરવામાં આવી હતી. આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. અજમેરમાં ૧૪ હેન્ડગ્રેનેડ મળી આવ્યા બાદ આ હેન્ડગ્રેનેડ ક્યાંથી આવ્યા છે તે સંબંધમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. આ સંબંધમાં હજુ સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. પરંતુ પોલીસ ટીમ સાવધાન થઇ ગઇ છે. હેન્ડગ્રેનેડને મોડેથી નિષ્ક્રીય કરવામાં આવ્યા હતા. સંબંધીત લોકોની અને વર્કરોની આ સંબંધમાં પુછપરછ કરવામાં આવી છે. ટુંકમાંજ નવી વિગત ખુલે તેવી વકી છે.

## અખિલેશ યાદવ સરકારે ધારાસભ્યોને ૮૦ કરોડની કાર ગીફ્ટમાં આપવાનો કરેલો નિર્ણય

લખનૌ, તા.૩

ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવ સરકારે ધારાસભ્યોને ૮૦ કરોડની કાર ગીફ્ટ આપવાનું નિર્ણય કર્યો છે. ધારાસભ્યોના ફંડમાંથી કાર ખરીદવાની મંજુરી આપવામાં આવ્યા બાદ ધારાસભ્યોને મોટો ફાયદો થશે. આ નિર્ણય બાદ ધારાસભ્ય હવે ૨૦ લાખ સુધીની ગાડી ખરીદી શકશે. મુખ્યમંત્રી અખિલેશ યાદવના નેતૃત્વ હેઠળ સરકારે ૨૦ લાખ સુધીની ગાડી ખરીદવા ધારાસભ્યોને મંજુરી આપી દીધી છે. તેમના એરિયા ડેવલપમેન્ટ ફંડનો ઉપયોગ કરીને ૨૦ લાખ સુધીની કાર ખરીદવાની મંજુરી આપી છે. ઉત્તર પ્રદેશમાં ૪૦૩ ધારાસભ્ય છે. સરકારના આ નિર્ણયથી તીજોરી ઉપર ૮૦ કરોડનો બોજ આવશે. મુખ્યમંત્રીએ ધારાસભ્યોના ફંડને વધારવાની પણ જાહેરાત કરી છે. આ ફંડને વિધાયક નિધી તરીકે પણ



ગણવામાં આવે છે. વિધાયક નિધી હેઠળ ધારાસભ્યોને ફંડ વર્તમાન ૧.૨૫ કરોડથી વધારીને ૧.૫ કરોડ કરવાનો નીર્ણય કર્યો છે. નાણાંકીય કટોકટી છતાં ઉત્તર પ્રદેશ સરકારે બજેટમાં પક્ષના ચુંટણી ઢંઢેરામાં આપવામાં આવેલા વચનને પરીપુર્ણ કરી દિધા છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે રાજ્ય વિધાનસભામાં આ મુજબની જાહેરાત કરી હતી. તેમને કહ્યું હતું કે ધારાસભ્યો તેમના લોકલ એરિયા ડેવલપમેન્ટ ફંડમાંથી ૨૦ લાખ સુધીની ગાડીઓ ખરીદી શકે છે. આ વાહનની કિંમત દર વર્ષે ઘટતાક્રમમાં રહેશે. પાંચ વર્ષ બાદ ધારાસભ્યો ઘટેલી રકમ જમા કરાવી શકશે. અખિલેશે ઉમેર્યું હતું કે આના માટે ચોક્કસ શરતો રહેશે. આ જાહેરાત એવા સમયે થઇ છે જ્યારે ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યમાં નાણાંકીય કટોકટીમાંથી બહાર નીકળવા કેન્દ્ર પાસેથી વધુ નાણાંની માંગણી કરી છે. આ નિર્ણય મતદારોને પણ નકારાત્મક સંદેશ આપશે.

## ઓએનજીસી 'મોસ્ટ વેલ્યુડ' કંપની : ટીસીએસ બીજા ક્રમે

મુંબઈ, તા.૩

ઓએનજીસી દેશની મોસ્ટ વેલ્યુડ કંપની બની ગઇ છે. ઓએનજીસીએ સોફ્ટવેરની મહાકાય નિકાસ કંપની ટીસીએસને પછડાટ આપવામાં સફળતા મળી છે. તેની માર્કેટ મુડી વધીને ૨.૪૮ લાખ કરોડ થઇ ગઇ છે. આજે બપોરના કારોબાર દરમિયાન જ ઓએનજીસીએ આ સફળતા મેળવી લીધી છે. ઓએનજીસી માર્કેટ વેલ્યુમાં કમાન્ડ ધરાવે છે. તેની માર્કેટ મુડી ભારતમાં લિસ્ટેડ કોઇપણ કંપનીમાં સૌથી વધુ થઇ ગઇ છે. તેની માર્કેટ મુડી ૨.૪૮ લાખ કરોડ થઇ ગઇ છે. ટાટા કન્લટન્સી સર્વિસ (ટીસીએસ)ની માર્કેટ મુડી કરતા ઓએનજીસીની માર્કેટ મુડી ૫૫૦૦ કરોડ વધારે છે. ટીસીએસની માર્કેટ વેલ્યુ આશરે ૨.૪૨ લાખ કરોડ છે. આજે મંગળવારના કારોબાર દરમિયાન ઓએનજીસીના શેરની કિંમતમાં ૧.૫૯ ટકાનો વધારો થયો હતો. જેથી કંપની ટોચના સ્થાને પહોંચી ગઇ હતી. આની સરખામણીમાં કારોબાર દરમિયાન ટીસીએસના શેરમાં ૧.૬૧ ટકાનો ઘટાડો થયો હતો. લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મુડીના આંકડા સતત ઉથલપાથલ થતા રહે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મુડી ૨.૪૦ લાખ કરોડ થઇ છે અને તે ત્રીજા સ્થાન ઉપર છે. જ્યારે કોલઇન્ડિયાની માર્કેટ મુડી ૨.૨૪ લાખ કરોડ છે.



એ.આઇ.સી.સી.ના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધી મંગળવારે કુલુ ખાતે પબ્લીક રેલીમાં ઉપસ્થિત રહ્યા હતાં.

### પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

એક બાજુ શાથા હતી. તેની આંખ બહાર નીકળીને ગાલ પર આવી ગઇ હતી. શરીર ચારેકોરથી વિધાઇ ગયું હતું. માયરની ખોપટી ફાટી ગઇ હતી અને મગજ બહાર નીકળીને છત પર ચોંટ્યું હતું. ચારેબાજુ લોહીના ખાબોચીયાં હતા. બેસન પણ મૃત્યુ પામી હતી. મારી ભત્રીજી નીર પણ મૃત્યુ પામી હતી. અને હું મારા ઘવાયેલા પુત્રને હાથમાં લઇને તેને બચાવવા દોડાદોડી કરતો હતો."

ડો. ઇઝેલદીનના પત્રકાર મિત્ર શ્લોમી એલ્ડરે આ ઘટનાનું જીવંત પ્રસારણ કર્યું. તેની અસર ઇઝરાયેલના લોકોને થઇ. પ્રથમવાર સૌએ જાણ્યું કે ગાઝામાં શું બની રહ્યું છે. આ ઘટના નિહાળી ઇઝરાયેલના વડાપ્રધાન પણ રડી પડ્યાં.

જે બાળકોને મમતાથી ઉછેર્યાં હોય તે ઘડીના છઠ્ઠા ભાગમાં જતા રહે. તે પછી પણ ડોકટરે ઘાયલોને સહાયરૂપ થવાનું વિચાર્યું. પોતાની પુત્રીઓની યાદમાં ટ્રસ્ટ ઊભું કર્યું. જેનો ઉદ્દેશ મહિલાઓને સહાયરૂપ થવાનો છે. બંને દેશો વચ્ચે ૬૦ વર્ષથી ચાલતાં સંઘર્ષને અટકાવવા અને તેમની વચ્ચે 'સેતુ' બનવા બાબતે ઊંડાણથી વિચારી તેના માટે પ્રયત્નો કર્યાં.

ન્યૂયોર્કના એક પત્રકારે તેમના માટે કહ્યું કે "મધ્યપૂર્વમાં આ એક વ્યક્તિ છે જે નફરતને ધિક્કારે છે." જેમનું ધ્યેય શુભ પ્રત્યે જવાનું છે. ઘણાં દેશોમાં તેમને ફરવાનું થયું. ૨૦૧૦ ના વર્ષ માટે નોબેલ શાંતિ પુરસ્કાર માટે પણ તેમનું નામ સૂચવાયું. તેમનું સપનું છે કે પેલેસ્ટાઇન અને ઇઝરાયેલના બાળકો સંરક્ષિત અને સલામત બને. તેઓને નાગરિકતા મળે અને અલગ ઓળખ હોય.

**સૌજન્ય : વિચાર વલોણું પ્રકાશન**

"I Shall Naver hate"

**લેખક : ડો. ઇઝેલદીન અબુલૈશ - "હું નફરત નહીં કરું" - ભાવાનુવાદ : ડો. પ્રફુલ્લ દવે**

### Hello ફ્રેન્ડઝ ! (પાના નં. ૪ નું ચાલુ)

અમારાં પર વિશ્વાસ રાખીને એકાદું પૅશન્ટ આવશે તો અમે તેનો યોગ્ય ઉપચાર કરી કરીશું એવીય ખાત્રી બેસતી નથી. ઉલ્ટાની બીક લાગે છે. અમારાં પર ડૉકટર તરીકે કોઇએ વિશ્વાસ કરવો એ માટે અમે 'લાયક' છીએ એવુંય લાગતું નથી અને અમે પૅશન્ટની જવાબદારી લઇએ એટલાંય ભરોસાપાત્ર બન્યાં નથી!! બંનેની વ્યથા ટપકતી જ રહી...

અમને લાગે છે અમારી આવી અવસ્થા પાછળ બે વસ્તુ જવાબદાર છે. એકતો આજની મૅડિકલ શિક્ષણની અવસ્થા અને બીજું એટલે અમે વિદ્યાર્થીઓ, ઈન્ટર્નશીપ એ અમારો કામ કરવાનો, ભણવાનો કાળ હોય છે એવો દષ્ટીકોણ જ આજનો થનારાં ડૉકટર્સમાં નથી. આનાથી વિરૂધ્ધ વધારેમાં વધારે દાંડી મારીને જયાં પોસ્ટીંગ થયું છે ત્યાં જરાય ગયાં વગર એકમાત્ર કંપ્લીશન સર્ટીફિકેટ મેળવી લેવું એમાં જ અમારી માસ્ટરી હોય છે. એ સમયમાં અમે પીજી એન્ટ્રન્સ ઍક્ઝામની તૈયારી કરીએ છીએ, ગોખણપટ્ટી કરીએ છીએ, પછી કૌશલ્ય કશું પ્રાપ્ત થતું નથી મળે છે. માત્ર ગોખણપટ્ટીની ડિગ્રી!! અમારા ઈન્ટર્નશીપમાં હજુ એક વાત ધ્યાને આવી કે ડૉકટર એટલે માત્ર પોતાનો જ વિચાર કરવાનો, આર્થિક ગણિત જોવાનું. પૅશન્ટને સારો કરવો અને અને એનો ફાયદો જોવો એ ડૉકટરોની પ્રાયૉરીટી લીસ્ટની સૌથી છેલ્લી લાઇન હોય છે!! ઘ-૨ નું સર્કલ આવ્યું અને બંને તરૂણ ડૉકટરો એમની કથની કહી એમનાં મગજનો ભાર હલકો કરી ઉતરી ગયાં!!

આ વાત માત્ર ડૉકટર્સની નથી અન્ય ક્ષેત્રે પણ આવી જ હાલત છે. પારંપારીક અને બેજવાબદાર શિક્ષણ પધ્ધતિનાં ફળ સ્વરૂપે પ્રેક્ટીકલ અનુભવથી ડૉકટર - એન્જિનિયર્સ - શિક્ષકો ભટકી રહ્યાં છે, અને દરેક લોકો ફિલ્ડમાં નિષ્ફળતાથી હતપ્રભ બન્યાં છે. આપણો દેશ અને સમાજ કેટલાંય હોનહાર ડૉકટર અને એન્જિનિયર્સથી શોભાયમાન છે, ત્યારે આ આવી વ્યથા ઠાલવતો નવો ફાલ જયારે માર્કેટમાં આવશે ત્યારે શું? પ્રશ્ન આત્મમંથનનો છે, જો તમે વિદ્યાર્થી હોવ તો ચેતી જજો માત્ર ડિગ્રી લેવાથી સફળતા નહીં મળે, ક્ષેત્રનો કાર્ય કરવાનો પ્રેક્ટીકલ અનુભવ જ યશસ્વી બનાવશે!!

**ચૂંટલો :**

ચોપડી વાંચીને કાંઇ રસોઇયા ના બનાય, એ માટે રસોડામાં જઇ રસોઇ બનાવવાનો અનુભવ લેવો પડે છે, એમ ગોખણપટ્ટીથી ડિગ્રી તો મળશે, પણ પછી પેલાં પૅશન્ટનાં જીવન મરણનું શું? તમે શું બનશો તારણહાર કે હત્યારા??

SANGHI CEMENT
Kisan
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઇપ (જીન્દાલ/ટાટા), ઇંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BIRLA TYRES Unbeatable!
તમામ સાઇઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઇબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
દેશ કી શાન
કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાળા)
ગોડાઉન
સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦